**નિયામક, સમાજ સુરક્ષા ખાતુ**
બ્લોકનં.૧૬,ડો.જીવરાજમહેતા ભવન,
જુના સચિવાલય,ગાંધીનગર,
ફોન નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૯
ફેક્સ નં : ૦૭૯ – ૨૩૨ ૫૬૩૦૮
ઈ –મેઈલ: **dd2-dsd@gujarat. gov.in**

---

નં.સસુખા/સીપીડી/ GULM/૨૦૧૯-૨૦/૪૨૫૦ તાઃ-૩૧/૦૫/૨૦૧૯

## પરિપત્ર

આથી સમાજ સુરક્ષા ખાતા હસ્તકની તમામ સરકારી અને સ્વૈચ્છિક સંસ્થાઓમાં નામ.ગુજરાત હાઇકોર્ટની રીટ પીટીશન ક્રમાંક ૨૫૧/૨૦૧૮ માં તા.૧૦/૦૫/૨૦૧૯ના રોજ પસાર કરવામાં આવેલ હુકમ અનુસાર સમાજ સુરક્ષા ખાતા હેઠળની તમામ રહેણાંકીય સંસ્થાના અંતેવાસીઓ માટે ન્યુનતમ મૂળભૂત સુવિધાઓ/જરૂરીયાતો ઉપલબ્ધ કરાવવા જણાવવામાં આવેલ છે.

આ માટે સંસ્થા જે કાયદા અંતર્ગત કાર્યરત હોય તે કાયદા અને તેના આનુસંગિક ઘડવામાં આવેલ નિયમો અનુસાર સુવિધાઓ ઉપલબ્ધ છે કે નહિં તે સંસ્થાના અધીક્ષકશ્રીઓએ તકેદારી રાખવાની રહેશે તથા તે માટે જરૂર જણાયે જિલ્લા કક્ષાએ સમાજ સુરક્ષા અધિકારીશ્રી સ્તરેથી અથવા નિયામક, સમાજ સુરક્ષા ખાતાને તાત્કાલિક દરખાસ્ત રજુ કરી જરૂરિયાત આધારિત સુવિધાઓ વિકસાવવા મંજુરી મેળવી લેવાની રહેશે. જિલ્લા કક્ષાએ સમાજ સુરક્ષા ખાતા હસ્તકની તમામ સરકારી તેમજ ગ્રાન્ટ-ઇન-એઇડ સંસ્થાઓમાં ન્યુનતમ મુળભૂત સુવિધાઓ જળવાઇ રહી છે કે કેમ તેની દેખરેખ જે તે જિલ્લાના જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીએ રાખવાની રહેશે તથા સંસ્થાઓએરજુ કરેલ દરખાસ્તોના ગુણદોષો તપાસી ત્વરિત ખર્ચ માટેની મંજુરી આપવાની રહેશે. આ બાબતે વડી કચેરીના અધિકારીશ્રીઓ દ્વારા પણ આકસ્મિક મુલાકાત ગોઠવી સંસ્થાનું નિરીક્ષણ કરવામાં આવશે અને જો નિરીક્ષણ દરમિયાન ઉપરોક્ત સુચવેલ મૂળભૂત સુવિધાઓ/જરૂરિયાતોમાં જો કોઇ ક્ષતિ જણાશે તો સંસ્થાના જવાબદાર અધિકારીઓ સામે શિસ્ત વિષયક કાર્યવાહી કરવામાં આવશે.

આ પરિપત્ર મળ્યેથી સમાજ સુરક્ષા ખાતાની તમામ સરકારી સંસ્થાના અધીક્ષકશ્રીઓએ જિલ્લા કક્ષાના સંબંધિત તંત્રના પરામર્શમાં સંસ્થામાં બાકી રહેતી તમામ મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવાની કાર્યવાહી દિન-૧૫ માં કરી અત્રેની કચેરીને તેનો વિગતવાર અહેવાલ રજુ કરવાનો રહેશે.જ્યારે સ્વૈચ્છિક સંસ્થાઓના મેનેજીંગ ટ્રસ્ટીઓએ અંતેવાસીઓને મૂળભૂત સુવિધાઓ ઉપલબ્ધ બનાવવાની રહેશે.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓએ આ બાબતે તેમના જિલ્લાની તમામ સંસ્થાની ઝીણવટપૂર્વક મુલાકાત ગોઠવી અંતેવાસીઓ માટે લાઈટ,પંખા,પ્રકાશ,હવા,ઉજાસ,પાણીપીવાના પાણી માટે R.O ફિલ્ટર,ફાયર સેફ્ટી,ક્લોધીંગ-બેડીંગ,વૉશિંગ,રમત-ગમતના સાધનો,મનોરંજનના સાધનો,સંસ્થાના કેમ્પસમાં સ્ટ્રીટ લાઈટ, સંસ્થાના મકાનની નિભાવ-સ્વચ્છતા,આરોગ્ય વિષયક સુવિધાઓ,આઉટ ડોર-ઈન્ડોર ગેઈમ્સ,ખાદ્ય સામગ્રી, સામગ્રી, વિવિધ તહેવારોની ઉજવણી બાબતે અધીક્ષકશ્રીનું આયોજન,પ્રવાસ પર્યટનનું આયોજન વગેરે બાબતે સ્થાનિક વિઝીટ-મુલાકાત દરમિયાન ખાત્રી કરવી.

નિયામક
સમાજ સુરક્ષા ખાતું
ગુજરાત રાજય,ગાંધીનગર

પ્રતિ,

(૧) અધીક્ષકશ્રી, બાળ કલ્યાણ ,દિવ્યાંગ કલ્યાણ,ભિક્ષુક કલ્યાણ, વૃધ્ધ કલ્યાણક્ષેત્રે કાર્યરત તમામ સરકારી સંસ્થાઓને જાણ તથા જરૂરી સુવિધા વિકસાવવા સારૂ.

(૨) માનદ મંત્રીશ્રી,
બાળ કલ્યાણ ,દિવ્યાંગ કલ્યાણ,ભિક્ષુક કલ્યાણ, વૃધ્ધ કલ્યાણક્ષેત્રે કાર્યરત
તમામ સ્વૈચ્છિક સંસ્થાઓના વડાઓને જાણ તથા જરૂરી સુવિધા વિકસાવવા સારૂ.

(૩) જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી,તમામને તેમના જિલ્લામાં સમાજ સુરક્ષા હસ્તકની તમામ સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની મુલાકાત-વિઝીટ મૂળભૂત સુવિધાઓ વગેરે બાબતે ખાત્રી કરવા સારૂ.

(૪) જિલ્લા બાળ સુરક્ષા અધિકારીશ્રી ,તમામને તેમના જિલ્લામાં સમાજ સુરક્ષા હસ્તકની તમામ સરકારી તેમજ સ્વૈચ્છિક સંસ્થાઓની મુલાકાત-વિઝીટ મૂળભુત સુવિધાઓ વગેરે બાબતે ખાત્રી કરવા સારૂ

(૫) સિલેક્ટ ફાઈલ